પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.
પોલીસ ભવન, અઠવાલાઇન્સ, સુરત શહેર-૩૯૫૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦
કંટ્રોલ રૂમ ફેકસ નં. ૦૨૬૧ ૨૨૪૧૩૦૪
e-mail : special-cp-sur@gujarat.gov.in


स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

**ક્રમાંક :એસ.બી./ લાઉડ સ્પીકર્સ/ ૧૪૮/૨૦૨૨.**

# :: જાહેરનામું ::

પોલીસ કમિશનર સુરત શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં જાહેર જનતાને થતી હેરાનગતિ અટકાવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ – ૧૯૫૧ ની કલમ-૩૩ (એન), ૩૬ (ઇ), (એ) અને ૩૮ હેઠળ મળેલ સતાની રૂએ હુ અજયકુમાર તોમર, પોલીસ કમિશનર સુરત શહેર આથી ફરમાવુ છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તા.૨૬/૦૯/૨૦૨૨ થી ૦૫/૧૦/૨૦૨૨ સુધી કોઇ પણ ખાનગી કે જાહેર સ્થળે રાત્રીના ક.૧૨/૦૦ વાગ્યા પછી કોઇ પણ રાસ- ગરબા કે કાર્યક્રમમાં માઇક તથા લાઉડ સ્પીકર ચાલુ રાખી શકાશે નહીં. નોઇઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રુલ્સ-૨૦૦૦ ની કલમ- ૫ (૨) (૩) ની જોગવાઇઓને આધિન તથા ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગના તા.૨૧/૦૯/૨૦૨૨ના જાહેરનામાં ક્રમાંક: **GVN-2021 -07-ENV-10-2014-T.cell** ની જોગવાઇ મુજબ માઇક તથા લાઉડ સ્પીકરનો ઉપયોગ રાત્રીના ક.૧૨/૦૦ સુધી કરવાનો રહેશે. ત્યારબાદ કોઇ પબ્લીક એડ્રેસ સીસ્ટમ/લાઉડ સ્પીકર વગાડવુ નહીં. તેમજ હોસ્પીટલ, શૈક્ષણિક સંસ્થાઓ અને અદાલતોની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારને સાયલન્સ ઝોન તરીકે જાહેર કરવામાં આવે છે,

## -:: વિસ્તાર ::-

સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

## :: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ ની કલમ- ૧૩૧, ૧૩૪, ૧૩૫, ૧૩૬ અને ઇ.પી.કો. -૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ ની કલમ- ૧૩૧, ૧૩૪, ૧૩૫, ૧૩૬ અને ઇ.પી.કો. -૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

## :: જાહેર વિજ્ઞપ્તિ ::

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી ધ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીશ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ રોજ તારીખ :- ૨૩/૦૯/૨૦૨૨ નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર, એસ.બી., સુરત શહેર

(અજયકુમાર તોમર)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

**પ્રતિ,**

(૧) અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૧,૨ સુરત શહેર.

(૨) અધિક પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફિક એન્ડ ક્રાઇમ સુરત શહેર.

(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ,સુરત શહેર.

(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, તમામ સુરત શહેર.

(૫) તમામ પો.સ્ટે.ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર. (નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૬) તમામ શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.

(૭) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી).

**સવિનય નકલ રવાના :-**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગર.

(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.

(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.

(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી  સુરત રેન્જ, સુરત.

(૬) કલેકટરશ્રી, સુરત શહેર.

(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર

(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત

(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.

(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.

(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.

(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).

(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.

(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.

(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .

(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.

(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.( નાનપુરા બહુમાળી સુરત )

(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. ( જીલ્લા સેવા સદન અઠવાલાઇન્સ સુરત )

(૧૯) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત (સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.)